1. રૂઢ સંજ્ઞાઓ એટલે શું?

- નકશામાં ભૂપષ્ઠ પરની અનેક પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વિગતો દર્શાવવા માટે અમુક ચોક્કસ પ્રકારનાં ચિહનો વપરાય છે. આ ચિહનોને રૂઢ સંજ્ઞાઓ કહે છે.

2.ભારતમાં સ્થળવર્ણન નકશા તૈયાર કરતી સંસ્થા ક્યાં આવેલી છે ?

- ભારતમાં સ્થળવર્ણન નકશા તૈયાર કરતી સંસ્થા ઉત્તરાખંડ રાજ્યના દેહરાદૂન ખાતે આવેલી છે.

3. નકશામાં રેલમાર્ગો દર્શાવવા કયો રંગ વાપરવામાં આવે છે?

- નકશામાં રેલમાર્ગો દર્શાવવા માટે કાળો રંગ વાપરવામાં આવે છે.

4.નકશામાં પીળા રંગથી શું દર્શાવવામાં આવે છે?

- નકશામાં પીળા રંગથી ખેતી દર્શાવવામાં આવે છે.

5. પ્રક્ષેપ પદ્ધતિ એટલે શું?

- પૃથ્વીની ગોળાકાર કે વક્રાકાર સપાટીને કાગળ પર ઉતારવાનો પ્રયત્ન એટલે પ્રક્ષેપ પદ્ધતિ.

6. નકશાની વ્યાખ્યા લખો.

- પૃથ્વી અથવા તેના કોઈ એક ભાગનું ઉપરથી જોતાં દેખાતું નાના માપમાં દોરેલું રૂઢ આલેખન એટલે નકશો.

7. ભૂપૃષ્ઠના નકશામાં કઈ બાબતો દર્શાવવામાં આવે છે?

- ભૂપૃષ્ઠના નકશામાં પર્વતો, મેદાનો, ઉચ્ચપ્રદેશો, જળપરિવાહ વગેરે દર્શાવવામાં આવે છે.

6. હેતુ આધારિત નકશાના પેટાવિભાગો કયા છે?

- હેતુ આધારિત નકશાના બે પેટાવિભાગો આ મુજબ છે :
  (1) પ્રાકૃતિક નકશા અને (2) સાંસ્કૃતિક નકશા.

7. નકશાનાં અંગો કયાં છે?

- નકશાનાં ત્રણ અંગો આ મુજબ છે :
  (1) પ્રમાણમાપ, (2) પ્રક્ષેપ અને (3) રૂઢ સંજ્ઞાઓ .

8. પ્રક્ષેપ-ક્રિયા માટે જરૂરી વસ્તુઓ જણાવો.

- પ્રક્ષેપ-ક્રિયા માટે તારનો બનેલો પૃથ્વીનો ગોળો, સપાટ પૃષ્ઠભાગ અને પ્રકાશ આપનાર વસ્તુ જરૂરી છે.